અપીલ અરજી નં.૧૪૪ તા.૨૦–૭–૧૦/૧૧

અરજદારઃ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૧–૩–૧૦ની અરજીથી (૧)સને ૨૦૦૧ થી માર્ચ ૧૦ સુધીમાં નોર્થઝોન વિસ્તારની સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરીયા તથા અન્ય વિસ્તારમાં ટોરેન્ટ પાવર લીમીટેડે પાવર સપ્લાય માટે **H.T.CABLE LINE** નાંખવા માટે ખોદકામ કરેલ સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરિયા તથા અન્ય વિસ્તારની મીટર સહીતની માહિતીની નકલ વિસ્તારનાં નકશા સહિતની નકલ વિ.મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૪૪/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૩૧–૩–૧૦ નીઅરજીથી (૧)સને ૨૦૦૧ થી માર્ચ ૧૦ સુધીમાં નોર્થઝોન વિસ્તારની સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરીયા તથા અન્ય વિસ્તારમાં ટોરેન્ટ પાવર લીમીટેડે પાવર સપ્લાય માટે **H.T.CABLE LINE** નાંખવા માટે ખોદકામ કરેલ સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરિયા તથા અન્ય વિસ્તારની મીટર સહીતની માહિતીની નકલ વિસ્તારનાં નકસા સહીતની નકલ વિ.મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનના તા.૧૬–૭–૧૦ ના પ્રત્યુત્તરથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં મહાનગરપાલિકાના વિસ્તારમાં ખોદકામ, ભરેલ રકમ વિગેરે મ.ન.પા.નો રેકર્ડ છે તેના ઈન્કાર માટે વાજબીપણું –૨(એચ) અપવાદ તપાસની પ્રક્રિયા સાથે કઈ રીતે સુસંગત છે તે વિગતો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૪૬ તા.૩૧–૭–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/આ.નં.૩૧૧૫ તા.૧૧–૮–૧૦ થી પૂરક વિગતો માં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જા.૧૯૨૧ તા.૩૧–૩–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર નોર્થઝોન તરફથી ટોરેન્ટો પાવર સુરત ઈલે. કં઼ુ ને પાઠવેલ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૦૯ તા.૫–૫–૧૦ ના પત્રની નકલ, ગુજરાત ગસે કંપનીએ નોર્થઝોન કતારગામઝોનને પાઠવેલ પત્ર ૮૭૪૭ તા.૧૬–૧૨–૦૯ ના પત્રની નકલ, ગુજરાત ગસ કંપનીએ સેન્ટ્રલઝોનને તા.૧૦–૧૨–૦૯ ના રોજ અને વેસ્ટઝોન ને તા.૩–૧૨–૦૯ ના રોજ પાઠવેલ પત્રની નકલ, ટોરેન્ટો પાવરે કતારગામઝોનને પાઠવેલ પત્ર નં.એસવીસી/૨૬૫૦ તા.૨૬–૫–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગેના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૪૪૪ તા.૧૬–૭–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૩૧–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૯૨૧ તા.૩૧–૩–૧૦ ના પત્રથી કતારગામઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧)સને ૨૦૦૧ થી માર્ચ ૨૦૧૦ સુધીમાં નોર્થઝોન વિસ્તારની સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરીયા તથા અન્ય વિસ્તારમાં ટોરેન્ટ પાવર લીમીટેડે પાવર સપ્લાય માટે **H.T.CABLE LINE** નાંખવા માટે ખોદકામ કરેલ સોસાયટીઓ ઈન્ડસ્ટ્રીયલ એરિયા તથા અન્ય વિસ્તારની મીટર સહીતની માહિતીની નકલ, વિસ્તારનાં નકશા સહિતની નકલ.મુદ્દા નં.(૨) ૨૦૦૧ થી માર્ચ ૨૦૧૦ સુધીમાં ઉપરોકત માંગેલ માહિતીમાં કુલ મીટરદીઠ ટોરેન્ટપાવર લી. એ ભરેલ રકમની માહિતીની નકલ. મુદ્દા નં. (૩) મુદ્દા નં.૧ અનુસાર ડોમેસ્ટીક કોમર્શીયલ સીંગલ ફેસ લાઈન નાંખવા માટે ખોદકામ કરેલ સોસા., ઈન્ડ. એરીયા તથા અન્ય વિસ્તારની મીટર સહિતની માહિતીની નકલ, વિસ્તારના નકશા સહિતની. મુદ્દા નં. (૪) સને ૨૦૦૧ થી માર્ચ ૨૦૧૦ સુધીમાં ઉપરોકત માંગેલ માહિતીમાં કુલ મીટરદીઠ ટોરેન્ટપાવર લી. એ ભરેલ રકમની માહિતીની નકલ. સદર મુદ્દા બાબતે અરજી તબદીલની જાણ કરેલ છે પણ માહિતી આપેલ નથી તેવું જણાવી અરજદારે તા.૭–૫–૧૦ ના રોજ અપીલ નં.૪૫/૧૦–૧૧ થી અત્રે અપીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેથી આરટીઆઈ સેલ/૩૬૭ તા.૧૭–૬–૧૦ થી "અરજદારની તા.૩૧–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી આપવા અંગે અથવા ન આપવા બાબતે અપવાદ હેઠળ ઈન્કારનું કારણ સહિત નિર્ણય લઈ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને જણાવવામાં આવે છે. " તેવા હુકમથી અપીલનો નિકાલ કરવામાં આવેલ. સદર હુકમ બાદ અરજદાર તરફથી તા.૨૮–૬–૧૦ ના રોજ હુકમનો અમલ ન થયેલ હોવાનું જણાવી બીજીવાર અપીલ અરજી કરેલ. જેના અનુસંધાને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/ ૫૦૪ તા.૧૯–૭–૧૦ થી અમલવારી કરવા જાહેર માહિતી અધિકારીને જણાવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૨૪૪૪ તા.૧૬–૭–૧૦ થી અરજદારને આપવામાં આવેલી માહિતીની નારાજગીથી દિન–૩૦ માં અપીલ કરવાનું કારણ ઉત્પન થયેલ છે. જે અનુસાર અરજદારે તા.૨૦–૭–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારીને અપીલ તબકકે પત્ર

નં.આરટીઆઈ સેલ/૫૪૬ તા.૩૧–૭–૧૦ થી પૂરક વિગતો તથા વધુમાં મહાનગરપાલિકાના વિસ્તારમાં ખોદકામ, ભરેલ રકમ વિગેરે મ.ન.પા.નો રેકર્ડ છે તેના ઈન્કાર માટે વાજબીપણું –૨(એચ) અપવાદ તપાસની પ્રક્રિયા સાથે કઈ રીતે સુસંગત છે તે વિગતો મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ પૂરક વિગતોમાં મહાનગરપાલિકાના રેકર્ડ બાબતે જે ઈન્કાર માટેનું વાજબીપણા અંગે કોઈ બચાવ જાહેર માહિતી અધિકારીપક્ષે રજૂ કરેલ નથી. તથા ૨(એચ)ના અપવાદની તપાસની પ્રક્રિયા સાથે કઈ રીતે સુસંગત છે તેની પણ વિગતો અત્રે મળેલ નથી. જાહેર માહિતી અધિકારીએ અરજદારને ટોરેન્ટો કું.ની ની વેપારીક હિતોને અસર ન થાય તેમજ સલામતી જોખમાય નહીં તેવી કંપનીની વિગતો પુરતુ ઈન્કારનું કારણ કાયદાની કલમ–૮(૧)(ડી) તથા ૮(૧)(એ) હેઠળ યોગ્ય ગણી શકાય. વિવાદ હેઠળની બાબતે જાહેર માહિતી અધિકારીએ દફતરી હકીકત જણાવેલ છે. પરંતુ સદરહુ કંપનીએ સુરત મહાનગરપાલિકાના કતારગામ વિસ્તારમાં કરેલ ખોદકામની વિગતો તથા તે અંગે ભરેલ રકમ બાબતે મહાનગરપાલિકાના રેકર્ડ છે જે બાબતે ઉપલબ્ધ રેકર્ડ આધારીત માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ અનુસાર આપવા યોગ્ય થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩૧–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન વિસ્તારમાં થયેલ ખોદકામ અને તે બાબતે ભરેલ રકમ વિગેરે મહાનગરપાલિકાના રેકર્ડ બાબતે અરજદારે માંગેલ સમયગાળા દરમ્યાન દફતરી ઉપલબ્ધ રેકર્ડ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે. વિસ્તારદીઠ ખોદકામના નકશાની માહિતીના ઈન્કાર અંગે જાહેર માહિતી અધિકારીનો નિર્ણય બહાલ રાખવામાં આવે છે. તથા તેટલા પૂરતી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધકારી , (નોર્થઝોન) ..જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,